# મેયર પ્રવિણ પટેલનુ રાજીનામુ માંગી લેવાયુ

## સંગઠ્ઠનની નબળી કામગીરી તેમજ સંગઠ્ઠન અને ચૂંટાયેલી પાંખ વચ્ચે સુયોગ્ય સંકલનનો અભાવની ફરિયાદથી ચોંકી ઉઠેલા મુખ્યમંત્રીએ સ્પષ્ટ સંકેત આપતા માહોલ ગરમાયો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર પ્રવિણ પટેલનુ રાજીનામુ માંગી લેવાય અને નવા મેયરની પસંદગી માટે આગળ વધો તેવા સ્પષ્ટ સંકેત ગઈકાલે શહેર ભાજપ સંગઠ્ઠનના અપેક્ષિત આગેવાનોની બેઠકમાં રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આપ્યા છે.

આ બેઠકમાં હાજર રહેલા મેયર પ્રવિણ પટેલે પણ તુરત જ પોતે રાજીનામુ આપવા તૈયાર હોવાની જાહેરાત કરી હતી.

આજે આ બેઠકની વાતોએ



પાટનગરને રાજકીય માહોલ ગરમાવી દીધો છે. જો કે પક્ષમાંથી હજુ કોઈ સત્તાવાર સંકેતો મળ્યા નહિ હોવાનુ ભાજપના જ અંતરંગ સૂત્રો કહી રહ્યા છે.

વિધાનસભાની આવી રહેલી ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા માટે ગઈકાલે અપેક્ષિત આગેવાનોની બેઠક મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ બોલાવી હતી.

આ બેઠકમાં બુથ વિસ્તારકની નબળી કામગીરીનો ઉલ્લેખ કરી તેમણે સંગઠ્ઠનના સૂત્રધારોનો ઉધડો લીધો હતો. તેમણે સંગઠ્ઠનની અસરકારક કામગીરીનો આગ્રહ સેવ્યો હતો.

આ બેઠકમાં એક તબક્કે મનપાની નબળી કામગીરી હોવાની વાત રજુ થઈ હતી જેથી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ મેયરનો બદલવાની દિશામાં આગળ વધો તેવો સંકેત આપી જણાવ્યુ હતુ કે મેયરને બદલી તે માટે સર્વસંમતિથી બધા આગળ વધો.

આજ પળે મેયર પ્રવિણ પટેલે પોતાનો પશ્ન રજુ કરી જણાવ્યુ હતુ કે મેં અગાઉ પણ રાજીનામુ આપવાની તૈયારી બતાવી જ હતી અને પક્ષ કહે ત્યારે શિસ્તબદ્ધ કાર્યકર તરીકે હોદ્દા પરથી રાજીનામુ આપવામાં પળનોય વિલંબ નહિ કરૂ.

● અનુસંધાન પાન-૭ પર



રમઝાન - પવિત્ર રમઝાન માસની ઉજવણીના ભાગરૂપે સેક્ટર-૨૧ મસ્જિદ શણગારાઈ છે... રંગબેરંગી રોશની ભારે આકર્ષણ જમાવી રહ્યું છે... શહેરનો મુસ્લિમ સમુદાય દિવસની અને રાતની અદા કરવા મોટી સંખ્યામાં મસ્જિદ પર એકત્ર થાય છે... આગામી ૨૬મીએ રમઝાન ઈદની ઉજવણી મુસ્લિમ બિરાદરો ધામધૂમથી ઉજવશે... શહેરના અનેક મુસ્લિમ પરિવારો રોઝા રાખે છે... મસ્જિદમાં પણ રોજ સાંજે નમાઝ બાદ ઈફ્તારનું આયોજન કરવામાં આવે છે... ઈસ્લામ સંસ્કૃતિમાં રમઝાનનું મહત્વ છે અને સમગ્ર મુસ્લિમ સમાજ રમઝાન દરમિયાન અલ્લાહની બંદગી કરે છે...

# મનપાની સ્થાયી સમિતિમાં ત્રણ સભ્યોની દરખાસ્તને સ્વીકૃત્તિ અપાઈ

## બે દરખાસ્તો મુલ્તવી રખાઈ : એક દરખાસ્તનો અસ્વીકાર કરાઈ મનપામાં સ્થાયી સમિતિની આજની કામગીરીએ સૌને ચોંકાવી દીધા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગરપાલિકા એ સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત મનપાની તમામ હકીકતો એકજ એપમાં ઉપલબ્ધ હોય તેવી અમદાવાદ મનપા જેવી એપ બનાવવાવી જોઈએ તે ખાનગી દરખાસ્તને આજે મનપાની સ્થાયી સમિતિએ મંજૂરી આપી છે અને આ માટે કમિશનરને તે દિશામાં આગળ વધવા જણાવ્યુ છે.

આજે બપોરે મનપાની સ્થાયી સમિતિની મળેલ મહત્વની બેઠકમાં નિર્ધારીત એજન્ડાની બે બાબતો મુલ્તવી રાખવાનો તથા એક બાબતની દરખાસ્તને નામંજૂર કરવા સાથે ત્રણ સભ્યોએ રજુ કરેલી ખાનગી દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી હતી.

આજની આ બેઠકમાં બંધ પડેલી સોલાર લાઈટોના મરામતની કામગીરી માટેની જે દરખાસ્તો હતી તે કામગીરી સંપન્ન થઈ ગઈ છે પરંતુ હજુ પણ કોઈ કાઉન્સીલર તેમના વિસ્તારમાં આ અંગેની કામગીરી તેની ગ્રાન્ટમાંથી કરાવવા ઈચ્છતા હોય તો તે અંગેની દરખાસ્ત મેળવી એજન્સીને કામગીરી સોંપવામાં આવે તે પ્રસ્તાવનો પણ સ્વીકાર કરવામાં આવ્યો હતો.

આ બેઠકમાં શૈક્ષણિક સંસ્થાઓમાં ખુરશીઓ ખરીદીને આપવા માટેની જો સભ્યોની દરખાસ્ત તેમની વિકાસ ગ્રાન્ટમાંથી ખરીદીને તાત્કાલિક પુરી પાડવા માટેની દરખાસ્તનો પણ સ્વીકાર કરી મંજૂરી આપવામાં આવી છે.

આજની આ બેઠકમાં સભ્યો અને ધારાસભ્યની ગ્રાન્ટમાંથી બાંકડા મુકવાની બાબત મુલ્તવી રાખવામાં આવી છે.

આ ઉપરાંત રૂ. ૬૦ લાખના ખર્ચે બે કોમ્પેક્ટર વધુ ખરીદવાની દરખાસ્તને પણ મુલ્તવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જ્યારે ફાયર બ્રિગેડ માટે નવા વાહનની ખરીદીની દરખાસ્તને નામંજૂર કરવામાં આવી છે.

મનપાની સ્થાયી સમિતિમાં આજે પહેલીવાર સભ્યોએ રજુ

● અનુસંધાન પાન-૭ પર

## જાહેર નોટીસ

અમારા ઉમિયા મજુર કામદાર સહકારી મંડળી લી., મુ. રિદ્રોલ, તા. માણસા, જી. ગાંધીનગરએ તેના કાર્યક્ષેત્રમાં વધારો કરી ગાંધીનગર જિલ્લાનું કાર્યક્ષેત્ર સૂચવતો સુચિત વધારો કરવા જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, સહયોગ સંકુલ, બી-વીંગ, છઠ્ઠો માળ, સેક્ટર-૧૧, ગાંધીનગરને પેટા નિયમ સુધારા બાબતે દરખાસ્ત રજૂ કરેલ છે. તો આ જાહેર નોટીસથી કોઈપણ ઈસમ કે મંડળીને જો કોઈ વાંધો હોય તો દિન-૫માં નીચે જણાવેલ સરનામે મોકલી આપવા જણાવેલ છે.

લિ. ચેરમેન

**ઉમિયા મજુર કામદાર સ.મં. લી.**

મુ. રીદ્રોલ, તા. માણસા, જી. ગાંધીનગર

# સે-૨૮ બાલોદ્યાનમાં ગ્રામહાટ ધમધમશે

## સાંસ્કૃતિક ચીજવસ્તુઓના વેચાણ માટે ટી સ્ટ્રક્ચરના ૬૦ ઓટલા સાથે ગ્રામહાટનુ નિર્માણ કરાશે : આગામી દિવાળી સુધીમાં ગ્રામહાટ શરૂ થઇ જશે : સહેલાણીઓ માટે પણ ગ્રામહાટ આકર્ષણનુ કેન્દ્ર બનશે

ગાંધીનગર તા ૧૨

સે-૨૮ ના બાલોદ્યાનમાં લો ગાર્ડનની પેટર્ન મુજબ ગ્રામહાટ વિકસાવાશે. આ માટે કોર્પોરેશન દ્વારા કામ શરૂ કરી દેવાયુ છે. ગ્રામહાટના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૩.૫૦ કરોડનો ખર્ચ થશે. નગરમાં સંસ્કૃતિ કુંજ વેળાએ સાંસ્કૃતિક ચીજ વસ્તુઓનુ વેચાણ થાય છે. જયારે આડા દિવસે પણ હવે ગ્રામહાટના માધ્યમથી કલા અને સંસ્કૃતિના બેનમુન નમુનાઓનુ વેચાણ થશે. સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિને પ્રોત્સાહીત કરવાની સાથે નગરજનોને ઘરઆંગણેથી જ કલાત્મક ચીજવસ્તુઓ મળી રહેશે. લો ગાર્ડનની પેટર્ન મુજબ આ ગ્રામહાટને વિકસાવાશે. આગામી દિવાળી સુધીમાં ગ્રામહાટ ધમધમતી થઈ જશે.

એક જમાનામાં સહેલાણીઓ માટે અદમ્ય આકર્ષણનુ કેન્દ્ર બનેલા નગરના બાલોદ્યાનની કાયાપલટ કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. વર્ષો પુર્વે બાલોદ્યાનની રોનક નિહાળવા માટે અમદાવાદ સહીતના શહેરમાંથી સહેલાણીઓની ભીડ ઉમટતી હતી. પરંતુ છેલ્લા દોઢ દાયકાથી બાલોદ્યાનન તરફ દુર્લક્ષ્ય સેવાતા ઉદ્યાને રોનક ગુમાવી દિધી હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ હતુ. જો કે બાલોદ્યાન કોર્પોરેશનને સોંપી દેવાયા બાદ હાલ તબક્કાવાર અવનવા વિકાસ કામો સાથે નગરના મુખ્ય બાલોદ્યાનની શિકલ બદલવા માટે તંત્રએ કાર્યયોજના તૈયાર કરી દીધી છે. બાલોદ્યાનમાં સહેલાણીઓ માટે મનોરંજનના પુરતા સાધનો તેમજ સુવિધા ઉપલબ્ધ થાય તે માટે આયોજન કરાયુ છે. જેમાં બાળકોના આનંદ પ્રમોદનો વિશેષ ખ્યાલ રાખવામાં આવ્યો છે. જયારે બાલોદ્યાનમાં સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિને વેગ આપવા માટે નવા પેટર્ન મુજબ ગ્રામહાટ તૈયાર કરવા માટેનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. ગ્રામ હાટના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૩.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. લો ગાર્ડનની પેટર્ન મુજબ ગ્રામ હાટને વિકસાવાશે. આ ગ્રામહાટના માધ્યમથી સ્થાનિકો તેમજ ઉદ્યાનની મુલાકાતે આવતા સહેલાણીઓને સાંસ્કૃતિક ચીજવસ્તુઓ વેચાણથી ઉપલબ્ધ થશે. ગ્રામહાટને અનુલક્ષી ટી સ્ટ્રક્ચરના ઓટલા બનાવાશે. ગ્રામહાટમાં અંદાજિત ૬૦ સ્ટોલ્સ જોવા મળશે. સામાન્ય રીતે સંસ્કૃતિ કુંજમાં કલા અને સંસ્કૃતિના

● અનુસંધાન પાન-૭ પર

# ધો-૧૧ વિ પ્રવાહમાં અનામત કક્ષાની બેઠક પર માત્ર ૩૩ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો

ગાંધીનગર તા ૧૨

ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં અનામત કક્ષામાં પ્રવેશ આપવા માટે શિક્ષણતંત્ર દ્વારા પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેના અંતે અનામત કક્ષાની ૭૬૮ જેટલી ખાલી બેઠકો પૈકી માત્ર ૩૩ વિદ્યાર્થીઓએ જ પ્રવેશ મેળવ્યો હોવાનુ સ્પષ્ટ થયુ છે. અલબત્ત ખાલી બેઠકો સામે પ્રવેશના મામલે નિરસતા સેવાઈ હોવાનુ ધ્યાને આવ્યુ છે.

ગાંધીનગર શેહરી વિસ્તારની શાળાઓમાં અનામત કક્ષાના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા ગત તા ૫ જુનથી પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જેમાં પ્રથમ દિવસે ફોર્મ વિતરણ કરવામાં આવ્યુ હતુ. જયારે ફોર્મ વિતરણ અને મેરિટ યાદી તૈયાર કરવાની પ્રક્રીયા હાથ ધરાઈ હતી. સે-૧૨ સ્થિત સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહારમાં પ્રવેશ પ્રક્રીયા હાથ ધરાઈ હતી. ધોરણ-૧૦નુ પરિણામ જાહેર થયા બાદ ધોરણ -૧૧ માં અનામત કક્ષાના વિદ્યાર્થીઓ માટે હાથ ધરાયેલી પ્રક્રીયાના અંતે શહેરી વિસ્તારની શાળઓમાં માત્ર ૩૩ જેટલા વિદ્યાર્થીઓએ જ પ્રવેશ લીધો હતો. ધોરણ -૧૧ વિજ્ઞાન પ્રવાહ

● અનુસંધાન પાન-૭ પર









Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com